# હારૂન અને ભજનના બીજા આગેવાનો.


બાળકોને શિખવનારે **L2b** વાંચી જવું.

**પશ્ચાદ્‌ભૂમિકા :** મુસાનો ભાઈ હારૂન ઈસ્ત્રાએલનો પહેલો પ્રમુખ યાજક હતો. લોકોના પાપને માટે હારૂને દેવને અર્પણો ચઢાવ્યા. દેવે ખાદ્યાર્પણ અને બીજા જે શુધ્ધ અને નર બલિદાનો દેવે માન્ય કર્યા તે શુધ્ધ પશુઓમાંથી ઘેટાં વગેરે ચઢાવ્યા. તેઓના ડોકા ચીરીને પાપના પ્રાયશ્ચિત માટે તેમનું દહન કર્યું. આજે ઈસુ આપણા માટે દેવનું હલવાન છે. તે પાપરહિત છે અને આપણા પાપોને માટે તેને મારી નાખવામાં આવ્યો.

## ૧. તમારા ટોળાને યથાર્થ રીતે ભજન કરવામાં મદદ કરો.

### ભજનના સાત મૂળભૂત સત્યો શીખો.

આ સાત બાબતો લગભગ દરેક સભાઓમાં જોવા મળતી હોય છે. તમે જે કરશો તે કરતા જુદી રીતે અને અને જુદા ક્રમમાં તેઓ પણ પાળતા હોય છે. ઘણાં દર અઠવાડિયે તે ઘણાં તેનાથી લાંબી અવધિમાં તે પાળતા હોય છે.



૧. સ્તુતિ અને આભાર
૨. પ્રાર્થના
૩. વચનનું શિક્ષણ
૪. આપવું(દાન)
૫. પાપ કબૂલાત અને દેવની માફીની ખાતરી
૬. પ્રભુની મેજ
૭. સંગતિનો આનંદ

- લુક ૬:૩૮ માં આભારસ્તુતિની કઈ રીત માટે ઈસુએ આજ્ઞા આપી ?
- ઉત.૧૮:૨૦-૩૩ માં ઈબ્રાહીમે ઉપર ૭માંથી કઈ બાબત કરી ?
- દાઉદે ૨ શમૂ ૨૨:૪૭ માં કઈ બાબત કરી ?
- નહે. ૮:૧-૩ માં ઈસ્ત્રાએલીઓએ કઈ બાબત કરી ?
- નહે. ૯:૨ માં ઈસ્ત્રાએલીઓએ કઈ બાબત કરી ?
- નિર્ગ.૧૨:૧-૧૪ માં કઈ બાબતનું ઉદાહરણ છે ?
- ગી.૧૩૩ માં તમારા મતે કઈ બાબત છે ?

  *(જવાબોઃ ૧. આપવું  ૨. પ્રાર્થના  ૩. સ્તુતિ  ૪. વચન  ૫. પાપકબૂલાત  ૬. મેજ  ૭. સંગત)*

  આ સાત બાબતો દેવના લોકો સદીઓથી પાળતા આવ્યા છે.

- પ્રભુ ઈસુ જગતમાં આવ્યા અગાઉ યહુદીઓ વિશ્વમાં ગમે ત્યાં તેમના સભાસ્થાનમાં તેનો અમલ કરતા હતા.
- પ્રભુ ઈસુ અને પવિત્ર આત્માએ નવા કરારમાં તે બાબતોની ઊંડી સમજણ ખોલી છે.
- પ્રરિતોનું શિક્ષણ ઈસુના બલિદાનયુક્ત મરણ અને જીવનદાયક પુનરુત્થાન પર પ્રકાશ ફેંકે છે.
- ખ્રિસ્તીઓએ આ બાબતો પ્રેરિ. ૨જા અધ્યાયમાં યરૂશાલેમથી શરૂ કરી છે.
- સદીઓથી વિશ્વાસીઓ આ જ સાત બાબતો વડે આભારસ્તુતિ કરતા આવ્યા છે. અને સતાવણીઓમાંથી પસાર થયાં છતાં આ બાબતો દબાઈ શકી નથી બલ્કે વધારે વૃધ્ધિ પામતી ગઈ છે.
- જે ભજનસેવાઓમાં આ બાબતો નથી હોતી તેઓ સમય આવતા માણસોના હુમલા સામે ભાંગી પડે છે.

- કેટલાંક ચર્ચોમાં આ બાબતો સાથે પાદરીના ઝભ્ભા, ધૂપવેદી, સમજ્યા વગર પાઠો વાંચી જવા વિ. જોવા મળે છે. બીજા ચર્ચોમાં સ્વતંત્ર વાતાવરણ જોવા મળે છે.
- બાઇબલમાં માણસો દેવની સ્તુતિ ગીત, નૃત્ય, ઊભા રહીને, હાથ ઊંચા કરીને, તાળી પાડીને, ઘુંટણો પર, માથા નમાવીને, શાંત રીતે અવાજ કરીને, સાક્ષી આપીને નાટક કે સંવાદ શ્લોકો કે અર્પણો મારફતે સ્તુતિ કરતા જોવામાં આવે છે. દેવ બાહ્ય બાબતોને જોતો નથી જો આપણે સાચા હૃદયથી સ્તુતિ કરીએ તો તે ધ્યાનમાં લે છે.
- મોટા ભાગે ભજનસેવાની શરૂઆત ગીત ગાઈને કે બાઈબલ વાંચીને પ્રભુની આરાધના સાથે કરવામાં આવે છે. બાઈબલની એવી કલમો કે જેમાં પ્રભુના કાર્યો, સામર્થ્ય, ન્યાય, પ્રેમ, ભલાઈ, વિશ્વાસુપણું અને પવિત્રતા પ્રગટ થતા હોય તો તેનો ઉપયોગ કરી શકાય.
- ગીતશાસ્ત્રની નીચે દર્શાવેલી કલમોનો ઉપયોગ પ્રભુની સ્તુતિ માટે થઈ શકે.

| | | | |
|---|---|---|---|
| ૮: ૧ | ૬૬: ૧-૪ | ૯૮: ૧-૩ | ૧૧૧: ૧-૪ |
| ૯: ૧-૨ | ૮૧: ૧-૨ | ૧૦૦: ૧-૩ | ૧૧૭: ૧-૨ |
| ૨૯: ૧-૨ | ૯૩: ૧-૨ | ૧૦૩: ૧-૬ | ૧૩૬: ૧-૨૬ |
| ૪૭:૧ | ૯૫: ૧-૩ | ૧૦૬: ૧-૨ | ૧૪૮: ૧-૧૪ |

**૨. અઠવાડીયા દરમ્યાનના કાર્યો માટે સાથીદારો સાથે આયોજન કરો.**


તમારા ટોળાની જરૂરિયાતો પ્રમાણે કાર્યક્રમ ઘડો.

- ભજનસેવા પછી તમારી સાથે જમવામાં ભાગીદાર થવા નવા માણસોને આમંત્રણ આપો.
- જે બાળકો હજુ ભજનસેવામાં બેસતા નથી તેઓને બાળકોના નાટકોમાં ભાગ લેવા આમંત્રણ આપો.
- સભામાં જોઈ શકાય તેવું ભજન માટેનું બેનર બનાવો.
- જે મિત્રો ભજનસેવામાં આવતા નથી તેઓના ઉત્તેજન માટે તેમના ઘરોમાં પ્રાર્થના અને સ્તુતિ ગોઠવો.

**૩. હવે પછીની ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન પ્રસંગને / રસમને અનુરૂપ પ્રવૃત્તિઓ નક્કી કરો.**

- ગી.શા.માંથી સ્તુતિના વચનો વાંચીને પ્રભુની સ્તુતિ કરો.
- સાક્ષી આપવા માટે ઉત્તેજન આપો.ગયા અઠવાડિયામાં પ્રભુને માટે શું કર્યું તેનો અહેવાલ.

  પ્રભુ ઈસુ આ જગતમાં આવ્યા તે પહેલાં ભજન કઈ રીતે કરવામાં આવતું હતું તે નિદર્શન કરી બતાવો.
- સમજાવો કે તમે જૂના કરારની ભજન પધ્ધતિનું નિદર્શન કરશો.
- એક મદદગારને તમારી સાથે બહાર લઈ જાવ. તમે પાછા અંદર આવો ત્યારે તે ઘેટું બન્યો હોય, ઘૂંટણિએ ચાલતો હોય અને બેં બૈ બોલતો હોય. તમે તેને દોરડાથી ખેંચો છો તેવું દેખાડો.
- કોઈને હારૂન બનાવો. છરીની ધાર કાઢવાનું તેને કહો. વેદી પર અગ્નિ તૈયાર કરો અને ઘેટાંને બાંધો. હારૂનની મદદથી ઘેટાંને ખુરશીમાં નત મસ્તકે મૂકો.



- તેના માથા પર તમારા હાથ મૂકો અને કહો કે હું મારા અને મારા કુટુંબના પાપ કબૂલ કરૂં છે.
- હારૂનને કહોકે તેની ગળા પર છરો મૂકે. જ્યારે તે તેવો અભિનય કરે ત્યારે તમે એવું દેખાડો જાણે કે તમે લોહી વડે ખરડાઈ ગયા છો. તમારા હાથ ખંખેરી નાખો અને બૂમ પાડો 'કેટલું બધું લોહી' 'ગભરાયેલા પ્રાણીના સીસકારા સાંભળો' 'બળતા લોહી અને પ્રાણીની વાસ' 'ધુમાડો આંખમાં જાય છે'
- લોકોને પૂછો-શું આ ઉપકારસ્તુતિ હતી ? (તેમને જવાબ આપવાનું કહો.)
- 'કેટલું ભયંકર અને આઘાતજનક !કેમ?' આપણા પાપ પ્રભુ આગળ તેવા જ ભયંકર અને આઘાતજનક છે.

તેમાં કોઈ ફેર પડી શકે તેમ નથી. આપણા પાપ ઢાંકવા માટે હજુ પણ નિર્દોષ પશુના રક્તની જરૂર છે.

- હવે પૂછો- હાલમાં આપણે સભામાં હલવાન લઈને કેમ આવતા નથી ? વિશ્વાસીઓ જવાબ આપે. જો તેઓ સાચો જવાબ આપી ન શકે તો તમે આ સમજાવો - પ્રભુ ઈસુ દેવનું સનાતન હલવાન છે જે જગતનું પાપ લઈ લે છે. આપણે જ્યારે પ્રભુની મેજમાં રોટલી અને દ્રાક્ષારસ લઈએ છીએ ત્યારે દેવના આ પવિત્ર અને નિર્દોષ હલવાનના શરીર અને રક્તના ભાગીદાર થઈએ છીએ તેવું ૧ કો.૧૦:૧૬માં આપણને જાણવા મળે છે.

બાળકોએ તૈયાર કરેલું નાટક રજુ કરવાનું તેમને કહો. સભાજનોને કહો કે તે પરથી પ્રશ્નો તૈયાર કરે.

પ્રભુની મેજ શરૂ કરતી વખતે આ વાર્તા કહો. એક માણસ રાજાના જમણમાં લગ્નનાં પોષાક વગર આવ્યો. (માત્થી.૨૨:૧-૧૪)આ ખાસ પોષાક શું સુચવે છે ? પ્રભુએ આપણ વિશ્વાસીઓને તેની પવિત્રતા વડે ઢાંક્યા છે. જ્યારે આપણે આપણા પાપ કબૂલ કરીએ છીએ અને તેની માફી પામીએ છીએ ત્યારે આપણને દેવનો આ પોષાક મળે છે. પ્રભુની મેજમાં ભાગ લેતા પહેલાં આ કરવું જરૂરી છે. પ્રભુની મેજ એ ભવિષ્યના હલવાનના ભવ્ય લગ્નજમણની પણ પ્રતિછાયા છે એ સમયે આપણે વિશ્વાસીઓ ખ્રિસ્ત સાથે અનંતકાળ માટે જોડાવાના છીએ.

યોહાન ૪:૨૪ **મોઢે કરાવો**.

અઠવાડિયા દરમ્યાનની સેવાની જાહેરાત કરો.

બે કે ત્રણના જૂથમાં લોકો પ્રાર્થના કરે અને અઠવાડિયાની સેવામાં એકબીજાને મદદ કરે.